# શહેરમાં કાતિલ ઠંડી : પારો ૧૦ ડીગ્રી

## ઠંડીનો પારો વધુ દોઢ ડીગ્રી ગગડયો : હજુ પણ ચાર પાંચ દિવસ ઠંડી વધવાની સંભાવના : ઠંડીનો પારો ઉંચકાવાની સાથે ઠંડા પવનથી વાતાવરણ ચિલ્ડ : નગરનુ જનજીવન પ્રભાવિત : સાંજ ઢળતા જ સેકટરોની શેરીઓમાં સન્નાટો : શ્રમિકો તાપણાના સહારે : ઘરોમાં હીટર ઓન

ગાંધીનગર તા ૨૮

શહેરમાં આજે ઠંડીનુ જોર બેવડાયુ હતુ. ઠંડીનો પારો ૧૦ ડીગ્રીએ પહોંચી જતા સિઝનની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઇ હતી. જયારે ઠંડીની સાથે સુસવાટા મારતા પવનથી વાતાવરણ ચિલ્ડ બની ગયુ હતુ. દિવસ દરમિયાન પણ નાગરિકો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. ઢળતી સાંજથી જ સેકટરોની શેરીઓમાં સુનકાર છવાયો હતો. હજુ પણ ચાર પાંચ દિવસ ઠંડી વધવાની સંભાવના છે. આક્રમક કોલ્ડવેવની અસરથી સમગ્ર શહેર ઠંડીની આહોશમાં આવી જતા જનજીવન પ્રભાવિત થયુ છે.

શહેરમાં આજે ઠંડીનો પારો ૧૦ ડીગ્રીએ પહોંચી જતા નગર આક્રમક કોલ્ડવેવની ઝપટમાં આવી ગયુ હતુ. સુસવાટા મારતા પવનના લીધે ઠંડીનુ જોર બેવડાયુ હતુ. સવારથી જ વાતાવરણમાં ફુંકાતા ઠંડા પવનના લીધે કોલ્ડવેવની અસરથી નગર સુન્ન પડી ગયુ હતુ. સવારે મોર્નિંગ વોક કરનારાઓએ પણ ઘરમાં પુરાયેલા રહેવાનુ પસંદ કર્યુ હતુ. ઠંડીનો પારો ગઈકાલની સાપેક્ષમાં દોઢ ડીગ્રી નીચે ઉતર્યો હતો. જેના લીધે ન્યુન્નતમ તાપમાન ૧૦ ડી ગ્રીએ પહોંચી ગયુ હતુ. સિઝનની અત્યાર સુધીની રેકર્ડ બ્રેક ઠંડી નોંધાઇ હતી. લઘુત્તમ તાપમાનની સાથે મહત્તમ તાપમાનમાં પણ એક ડી ગ્રીનો ઘટાડો નોંધાયો હતો. મહત્તમ તાપમાન ૨૫ ડી ગ્રી રહ્યુ હતુ. જયારે લઘુત્તમ અને મહત્તમ તાપમાનમાં ૧૫ ડીગ્રીનો તફાવત રહ્યો હતો.



### ક્યાં કેટલું તાપમાન

| શહેર | લઘુત્તમ | મહત્તમ |
|---|---|---|
| ડીસા | ૬.૮ | ૨૫.૮ |
| કંડલા(એરપોર્ટ) | ૮.૨ | ૨૬.૨ |
| ભૂજ | ૯ | ૨૭ |
| ગાંધીનગર | ૧૦ | ૨૫ |
| અમદાવાદ | ૧૦.૨ | ૨૪.૮ |
| વલ્લભવિદ્યાનગર | ૧૦.૨ | ૨૪.૩ |
| સુરેન્દ્રનગર | ૧૦.૨ | ૨૫.૮ |
| ન્યુકંડલા | ૧૧ | ૨૮.૯ |
| નલીયા | ૧૧.૪ | ૨૬.૪ |

વહેલી સવારથી જ આકરી ઠંડીની અસર વર્તાતા દિવસ દરમિયાન પણ નાગરિકો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે ઢળતી સાંજે પણ શહેરમાં કાતિલ ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો ટોપી મફલર અને જેકેટ સહીતના ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળ્યા હતા. જયારે રાત્રિના સમયે પણ માર્ગો પર સુનકાર છવાઇ ગયો હતો. નગરના માર્ગો પર સન્નાટો છવાઇ જવાની સાથે સેકટરોની શેરીઓમાં પણ ઠંડીની અસરથી સુનકાર જોવા મળ્યો હતો. આકરી ઠંડીના લીધે સિનિયર સિટીઝન્સ તેમજ બાળકોના આરોગ્યને પણ વિપરિત અસર થઇ રહી હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે દમ શ્વાસના દર્દીઓ પણ તકલીફમાં મુકાયા છે. ખુલ્લામાં રહેતા શ્રમિક વર્ગ તાપણાના સહારે ઠંડી સામે રક્ષણ મેળવી રહ્યા છે. નગરમાં કડકડતી ઠંડીમાં સેવાભાવી સંસ્થાઓ દ્વારા ગરમ કપડાનુ વિતરણ પણ કરવામાં આવી રહ્યુ છે. હવામાન ખાતાના સુત્રોના જણાંવ્યા મુજબ હજુ ઠંડીનુ પ્રમાણ વધશે. બીજીતરફ કાશ્મીર અને કેદારનાથમાં બરફના તોફાનો ચાલુ છે. એટલે ઠંડીનુ પ્રમાણ વધશે. દિલ્હીમાં ૧૧૮ વર્ષ બાદ ઠંડીનો રકર્ડ તુટયો છે. લઘુત્તમ તાપમાન ૪.૨ ડીગ્રી પહોંચી ગયુ હતુ. હવામાન વિભાગના જણાંવ્યા મુજબ ઠંડી હજુ વધુ આક્રમક બનવાની સંભાવના છે. આગામી ચાર પાંચ દિવસ કાતિલ ઠંડી પડશે. પવન ૮ થી ૧૦ કી મી ની ઝડપે પવન ફુંકાય છે. જેના લીધે વાતાવરણ ચીલ્ડ થઈ જાય છે.

# આજે ઉનાવા બેઠક માટે ૧૧ મતદાન મથકો પર મતદાન થશે

## ૯૫૬૦ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર તાલુકા પંચાયતની ઉનાવા બેઠકની પેટા-ચૂંટણી માટે આજે મતદાન યોજાશે. શનિવારે બપોરે જ આ ચૂંટણી માટેની ટીમો જે તે મતદાન મથકે પહોંચી ગઈ છે.

આ પેટા-ચૂંટણીમાં મતદાન શાંતિપૂર્ણ રીતે થાય તે માટે પોલીસનો બંદોબસ્ત પણ પુરતો રાખવામાં આવ્યો છે.

ચૂંટણી અધિકારીશ્રીના જણાવ્યા પ્રમાણે આજે બે રૂટમાં પોલીંગ પાર્ટીઓને રવાના કરવામાં આવી હતી અને બપોરના ૧૨ વાગ્યા સુધીમાં મતદાન મથકો પર તે ટીમો પહોંચી ગઈ છે.

સવારે ૮ વાગે મતદાન શરૂ થશે અને સાંજે પાંચ વાગ્યા સુધી મતદાન ચાલશે. આ પેટા ચૂંટણીમાં ૪૯૦૫ પુરૂષ મતદારો અને ૪૬૫૪ મહિલા મતદારો મળી ૯૫૬૦ મતદારો તેમના મતાધિકારનો ઉપયોગ કરશે.

આ પેટા-ચૂંટણી માટે ૧૧ મતદાન મથકો નિયત કરવામાં આવ્યા છે. જેમાં ઉનાવામાં ૬, પીંડાયડામાં ૨ અને પીંપળજના ૩ મતદાન મથકનો સમાવેશ થાય છે.

આ મતદાન મથકોમાં ઉનાવાનું મતદાન મથક ૪ એવુ મતદાન મથક છે જ્યાં પુરૂષ મતદારો કરતાં મહિલા મતદારો વધારે નોંધાયેલા છે.

આ પેટા ચૂંટણીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે સીધી સ્પર્ધા છે. આ બેઠકની મતગણતરી ૩૧મીના રોજ સે. ૧૫ની કોલેજ ખાતે કરવામાં આવશે.

દરમ્યાન આજે બન્ને પક્ષોએ ચૂંટણીની તેમની રણનીતિના અંતિમ તબક્કામાં સંપૂર્ણ તાકાત લગાવી દીધી છે. બન્ને પક્ષોએ મતદારોને રિઝવવા માટે હાઉસ ટુ હાઉસ પ્રચાર અભિયાન ઉપરાંત મિત્રમંડળની રાજનીતિને ભારે મહત્વ આપ્યુ છે.

લોકસભાની ચૂંટણી પછી તાલુકામાં પહેલી પેટા ચૂંટણી હોવાથી બન્ને પક્ષોએ વિજય માટે એડીચોટીનું જોર લગાવી દીધુ છે.

## સે-૮માં કેબલ ફોલ્ટના કારણે સાંજના સમયે અચાનક જ વિજ પ્રવાહ ખોરવાયો

ગાંધીનગર તા ૨૮

શહેરના સે-૮ માં આજે સાંજે અચાનક જ લાઇટો ડુલ થઇ ગઇ હતી. અચાનક જ સાંજના સમયે વિજ પ્રવાહ ડુલ થઇ ગયો હતો. જેના લીધે સેકટરોમાં અંધારપટ્ટ છવાઇ ગયો હતો. જો કે કેબલ ફોલ્ટના લીધે આ સ્થિતિ સર્જાઇ હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે ૧૫ મિનિટમાં જ વિજ પ્રવાહ યથાવત થઇ જતા સમસ્યા હલ થઇ ગઇ હતી. શહેરના નવા જુના સેકટરોમાં સમયાંતરે વિજ પુરવઠો ખોરવાતો હોવાની ફરિયાદો ઉઠતી રહે છે. એકબાજુ નગરના સેકટરોમાં સ્ટોર્મ વોટર લાઇન સહીત વિવિધ કામગીરીના લીધે સતત ખોદકામ થતુ હોવાથી ટેલીફોનના કેબલો પણ કામ કરતા નથી અલબત્ત ટેલીફોન લાઇન પણ સેકટરોમાં ઠપ્પ થઇ ગઇ હોવાની સંખ્યાબંધ ફરિયાદો છે. શહેરમાં વારંવાર થતા ખોદકામના લીધે ટેલીફોન લાઇન , વિજળીના કેબલો સહીત પાણી ગટર લાઇનમાં પણ ભંગાણ થતુ હોવાની ફરિયાદો અનેકવાર ઉઠવા પામે છે. જયારે ઉનાળાની જેમ હવે શિયાળામાં પણ લાઇટો ડુલ થવાની ફરિયાદો ઉદભવે છે. સે-૮ માં છેલ્લા એક મહીનામાં બીજીવાર આજે લાઇટો ડુલ થઇ હતી જો કે કેબલ ફોલ્ટના લીધે વિજ પ્રવાહ ખોરવાયો હોવાનુ પણ ધ્યાને આવ્યુ હતુ. જયારે ૧૫ મિનિટમાં જ વિજ પ્રવાહ યથાવત થઇ જતા સેકટરવાસીઓ કામે લાગી ગયા હતા. સાંજનો સમય હોવાથી લાઇટ ડુલ થતા જ રોજીંદા કામો અટવાઇ ગયા હતા. સેકટરોમાં વારંવાર કેબલ ફોલ્ટના લીધે લાઇટો ડુલ થતી હોવાની ફરિયાદો પણ વધી છે.

# આર ટી ઓ કચેરીના ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેકનુ રીનોવેશન હાથ ધરાશે

ગાંધીનગર તા ૨૮

શહેરના ગ માર્ગ પર સ્થિત હાઈટેક આર ટી ઓ કચેરીમાં રોજબરોજ મોટી સંખ્યામાં અરજદારો વાહન સંબંધિત કામગીરી માટે આવે છે. જયારે આર ટી ઓ કચેરીમાં લાયસન્સ ઈશ્યુ કરવા માટે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર વાહનચાલકોએ કસોટી પણ આપવાની હોય છે. પરંતુ છેલ્લા કેટલાક સમયથી ડ્રાઈવીંગ ટ્રેકના સેન્સર પણ કામ કરતા ન હોવાનુ ધ્યાને આવ્યુ છે. જયારે આ સ્થિતિને અનુલક્ષી ટુંકમાં જ ડ્રાઈવીંગ ટ્રેકના રીનોવેશન માટેની કામગીરી હાથ ધરાશે.

આર ટી ઓ કચેરીમાં અનેક દુવિધાઓ જોવા મળી રહી છે. યોગ્ય જાળવણીના અભાવે પણ અનેક પ્રશ્નો ઉભા થયા છે. એકબાજુ પાર્કીંગની જટીલ સમસ્યા યથાવત છે. ત્યારે બીજીતરફ વારંવાર સર્વર ડાઉન થતા અરજદારો ધક્કે ચઢતા

**લાયસન્સ ઇશ્યુ કરવા માટે ડ્રાઇવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર વાહનચાલકોએ કસોટી પણ આપવાની હોય છે : સેન્સર પણ ખરાબ થઇ ગયા છે ટુંકમાં રીનોવેશન હાથ ધરાશે**

હોવાની પણ ફરિયાદો ઉઠવા પામે છે. શહેરના ગ માર્ગ પર સ્થિત આર ટી ઓ કચેરીમાં લાયસન્સ ઈશ્યુ કરવા માટે ડ્રાઈવીંગ ટેસ્ટીંગ ટ્રેક પર ટેસ્ટ લેવામાં આવે છે. જયારે ડ્રાઈવીંગ ટ્રેકની જટીલ કસોટી પાર કર્યા બાદ જ લાયસન્સ ઈશ્યુ કરવામાં આવે છે. જેના લીધે વાહનચાલકો પણ વિશેષ જાગૃત રહે છે. જયારે ટ્રેકની આકરી કસોટી પાર કરવામાં ઘણીવાર વાહનચાલકો અકસ્માતને પણ ભેટયા હોવાના કીસ્સા ધ્યાને આવ્યા છે. આવા સંજોગોમાં ટ્રેક પર રોજ બરોજ એપાઈન્ટમેન્ટ મુજબ ડ્રાઈવીંગ ટેસ્ટ લેવામાં આવે છે. નવા ટ્રાફિક નિયમનના અંતે ટ્રેક પર લાયસન્સ માટે ટેસ્ટ

● અનુસંધાન પાન-૭ પર

# રાજયમાં ૩૯ શાળાઓના પરીક્ષા કેન્દ્ર રદ

**બિન સચિવાલય કલાર્કની પરીક્ષામાં ગેરરિતી આચરનાર ૩૯ શાળાઓના ધોરણ-૧૦ અને ૧૨ના પરીક્ષા કેન્દ્ર રદ કરવા માધ્યમિક શિક્ષણ બોર્ડનો કઠોર નિર્ણય**

ગાંધીનગર, તા. ૨૮

ગુજરાત ગૌણ પસંદગી મંડળ દ્વારા યોજાયેલી બિન સચિવાલય પરીક્ષામાં થયેલી ગેરરીતિના ગંભીર બનાવો જે શાળાઓમાં નોંધાયા હતા, રાજયની તેવી ૩૯ શાળાઓને ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાનું કેન્દ્ર નહીં આપવાનો બહુ મહત્વનો નિર્ણય માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા કરવામાં આવ્યો છે. તેની જગ્યાએ અન્ય શાળાઓમાં આ કેન્દ્રો ફાળવવામાં આવશે અને જો કેન્દ્રો નહીં મળે તો માત્ર બિલ્ડીંગનો ઉપયોગ કરવામાં આવશે. એટલું જ નહી, બોર્ડ દ્વારા શાળાના સ્ટાફની જગ્યાએ તેમના અલગ સ્ટાફની નિમણૂંક કરવામાં આવશે. જે સમગ્ર પરીક્ષાનું મોનીટરીંગ કરશે. બિન સચિવાલયની પરીક્ષામાં થયેલી ગેરરીતિની પોલીસ તપાસમાં અમદાવાદના દાણીલીમડામાં આવેલ એમ.એસ. પબ્લિક સ્કૂલનું નામ ખુલ્યું છે અને આ જ શાળામાંથી પેપર લીક થયું હોવાનો પણ ઘટસ્ફોટ થયો છે. જેને પગલે શિક્ષણ વિભાગે એમ.એસ. પબ્લિક સ્કૂલને આપવામાં આવેલો ઈન્ડેક્સ નંબર રદ કર્યો છે.

● અનુસંધાન પાન-૭ પર

# સહાય મેળવવા ૫૪ હજાર ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગર જિલ્લામાં કમોસમી વરસાદ પછી સરકારે જાહેર કરેલ કૃષિ સહાયનું પેકેજ મેળવવા માટે ૫૪ હજાર ખેડૂતોએ આજ સુધીમાં રજીસ્ટ્રેશન કરાવ્યુ છે. ૩૧મી ડિસેમ્બર આ સહાય મેળવવા માટે રજીસ્ટ્રેશન કરાવવાની અંતિમ તારીખ છે.

**રજીસ્ટ્રેશનની મુદત પુરી થવામાં હજુ ૩ દિવસ બાકી છે**

મળતી વિગતો મુજબ જિલ્લામાં અછતની સ્થિતિ વખતે જિલ્લાના ૪૬ હજાર ખેડૂતોને સહાય ચુકવવામાં આવી હતી અને તેમાં ત્રણ તાલુકાના ખેડૂતોનો જ સમાવેશ થતો હતો.

આ વખતે સહાય પેકેજમાં જિલ્લાના ચારેય તાલુકા આવરી લેવામાં આવ્યા છે. ૧૧૬ ગામોમાં ૧ ઈંચ કરતા વધારે વરસાદ થયો હતો તે ગામના ખેડૂતોને ૬૮૦૦ લેખે અને અન્ય ગામોના ખેડૂતોને રૂ. ૪ હજાર લેખે સહાય ચુકવવામાં આવશે.

તંત્ર દ્વારા જિલ્લામાં અત્યાર સુધીમાં ૧૮ હજાર ખેડૂતોને રૂ. નવ કરોડ જેટલી સહાય તેમના ખાતાઓમાં જમા આપી દેવામાં આવી છે. અરજીઓની ચકાસણી ચાલુ છે અને તે એકાદ સપ્તાહમાં પૂર્ણ થતાં જ તમામ ખેડૂતોને સહાયની ચુકવણી કરી દેવામાં આવશે. આ સહાય મેળવવા માટે અરજી કરવાની અંતિમ તા. ૩૧-૧૨-૧૯ છે અર્થાત્ ૩ દિવસનો સમય બાકી છે. આ અરજીઓ સ્વીકારવા માટે ઓફિસો પણ ચાલુ રાખવામાં આવશે. જિલ્લામાં અત્યાર સુધીમાં ૫૪ હજાર અરજીઓ મળી ચુકી છે.

**વડનગરા નાગર ઉઠમણું -બેસણું**



અમારા માતૃશ્રી ગં.સ્વ. ઉષાબેન(બંસરીબાળા) વિનોદરાય સ્વાદિયા તા. ૨૮/૧૨/૨૦૧૯ને શનિવારના રોજ દેહાવસાન થયું છે. સદ્ગતની પ્રાર્થનાસભા તા. ૨૯/૧૨/૨૦૧૯ને રવિવારે સાંજે ૪:૩૦ થી ૬:૦૦ નીચેના સ્થળે રાખેલ છે.

સ્થળઃ- પ્લોટ નં. ૪૩૮/૨, કલ્પના સોસાયટી, સેકટર-૨૨, ગાંધીનગર


લિ. શ્રી અભય વિ. સ્વાદિયા (પુત્ર), સૌ. દીપ્તિ અભય સ્વાદિયા (પુત્રવધૂ), સૌ. મીના રાજેન્દ્ર મંકોડી (પુત્રી), ડૉ. લીના ઉત્પલ રાણા (પુત્રી)

જ્વલંત - પાર્થેશ - દિશા - નિધિ - દિવ્યમ્

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧












Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com